# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૦ તા.૨૦-૯-૧૬

(માન્ય શાળા પરિપત્ર નં.૧)

તમામ શાળાઓ માટે જ :-

**વિષય :- શહેર કક્ષાનું વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૬ યોજવા અંગે.**

આથી મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે ચાલુ વર્ષ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને ન.પ્રા.શિ.સમિતિના સંયુકત ઉપક્રમે વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૬નું સી.આર.સી. કક્ષાનું વિજ્ઞાન ગણિત પ્રદર્શન પરિપત્ર નં.૬૯/તા.૬-૯-૧૬ ના રોજ યોજવામાં આવેલ છે. વોર્ડકક્ષાની વિભાગવાર પસંદ થયેલ પ્રથમ શ્રેષ્ઠ કૃત્તિ શહેરકક્ષાના વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૬માં ભાગ લેવા માટે નકકી કરેલ છે. શાળાના આચાર્યશ્રીઓ પોતાના વોર્ડના સી.આર.સી.નો સંપર્ક કરીને વોર્ડકક્ષાની શ્રેષ્ઠ કૃત્તિ શહેરકક્ષાના પ્રાથમિક વિભાગના ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં ગોઠવવા માહિતી નીચે પ્રમાણે છે.

મુખ્ય વિષય :- **રાષ્ટ્ર નિર્માણ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને ગણિત**

( Science, Technology & Mathemetics For Nation Building )

પેટા વિષયો :-
(૧) સ્વાસ્થ
(૨) ઉદ્યોગો
(૩) વાહન વ્યવહાર / પરિવહન અને પ્રત્યાયન
(૪) પર્યાવરણના ટકાઉપણા માટે પુનઃ પ્રાપ્ય સંશાધનોમાં નવીનીકરણ
(૫) A - ખાદ્ય ઉત્પાદન અને ખાદ્ય સુરક્ષા માટે નવીનીકરણ
B - રોજિંદા જીવનમાં ગાણિતિક ઉપાયો.

**"શહેરકક્ષાનું વિજ્ઞાન- ગણિત- પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૬"**

તારીખ :- ૨૬-૯-૧૬ થી તા.૨૮-૯-૧૬ સુધી

**કાર્યક્રમ**

| **ક્રમ** | **તારીખ** | **આયોજનની વિગત** | **સમય** | **સ્થળ** |
|---|---|---|---|---|
| ૧ | ૨૬-૯-૧૬ | કૃતિ ગોઠવવાની કામગીરી | સાંજે ૩-૦૦ થી ૫-૦૦ | એલિસબ્રીજ શા.નં.૨ ગીતાબાગ સોસ.,પરિમાલ અંડર બ્રીજ પાસે એલિસબ્રીજ,અમદાવાદ |
| ૨ | ૨૭-૯-૧૬ | ઉદ્ઘાટન સમારંભ | સવારે ૧૧-૦૦ કલાકે | |
| ૩ | ૨૮-૯-૧૬ | સમાપન કાર્યક્રમ | સાંજે ૩-૦૦ કલાકે | |

શહેર કક્ષાના ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૬ ઉપરોકત આયોજન મુજબ કૃતિ લઈ જે આવનાર એક શિક્ષક (વિજ્ઞાન શિક્ષક) અને બે વિદ્યાર્થીઓએ પ્રદર્શનના સ્થળે ફરજિયાત ઉપસ્થિત થઈ જવું. વોર્ડના સી.આર.સી.નો સંપર્ક કરી પ્રદર્શન માટે જરૂરી માર્ગદર્શન મેળવવું. આ અંગેની વધુ માહિતી માટે સ્કુલ બોર્ડની વેબસાઈડ www.amcschoolboard.org ઉપર મુકેલ માર્ગદર્શિકાનો ઉપયોગ કરવો.

શહેર કક્ષાના વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૬માં દરેક વોર્ડના સી.આર.સી.એ તેમજ યુ.આર.સી. એ આયોજન પ્રમાણે ઉપસ્થિત રહે તેમજ પસંદ કરેલ શ્રેષ્ઠ કૃતિઓ શહેર કક્ષાના પ્રદર્શનમાં પ્રદર્શિત થાય તેમાં સાથ સહકાર આપવો.

સંલગ્ન અધિકારી (નાયબ શાસનાધિકારીશ્રી ડૉ.સત્યેન્દ્રસિંહ ઠાકુર) જે કામગીરી સોંપે તે નિષ્ઠાપૂર્વક સમય મર્યાદામાં પૂર્ણ કરવી.વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ ૨૦૧૬માં વોર્ડની વિભાગવાર શ્રેષ્ઠ પસંદ થયેલી કૃતિઓ ઉત્કૃષ્ટ દેખાવ કરે તેમજ રાજ્ય / રાષ્ટ્ર કક્ષા માટે પસંદગી પામે તેવી શુભકામના સાથે.

સ્કૂલ બોર્ડની શાળાઓના વધારેમાં વધારે બાળકો, શિક્ષકો આ પ્રદર્શનમાં ભાગ લે અને પ્રદર્શનને સફળ બનાવે તે માટે સૌને શુભકામના.

તા.૨૭-૯-૧૬ અને તા.૨૮-૯-૧૬ના રોજ ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન જોવા આવે તે રીતની વ્યવસ્થા કરવી.

તા.૨૦-૦૯-૧૬

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**નોંધ :- આ અગાઉ પ્રવાસ અંગેનો પરિપત્ર અત્રેથી થયેલ છે. જેમાં એક દિવસીય પ્રવાસ(સવારે નીકળીને રાત્રે પરત) સુધીની મંજૂરી જે તે ઝોનનાં મદદનીશ શાસનાધિકારી પાસેથી મેળવવાની રહેશે, જેથી એક નકલ અચૂક મુખ્ય ઓફિસે હેડકલાર્ક બ્રાંચને મોકલી આપશો.**